## જન્મદિને વધામણી



દામોદરદાદા
સમાજસેવક



ગોવિંદભાઈ કાલીદાસ વાળંદ
મો. ૯૪૨૭૦ ૨૬૭૩૦



સંજયભાઈ પટેલ
મો. ૯૯૯૮૭ ૩૯૬૪૦



હંસાબેન પરેશભાઈ વાળંદ
મો. ૯૦૯૯૯ ૫૦૦૭૭



અમિત પ્રહલાદભાઈ સુવાલિયા
મો. ૮૮૬૬૩ ૭૩૮૩૬



સન્ની સુરેશકુમાર પારેખ
મો. ૭૫૬૭૬ ૦૩૨૫૨



શિવાની રાજેશકુમાર ઝાલા



દિવ્યાંગ આર મકવાણા



માલ્ય જે ભટ્ટ
મો. ૯૪૨૭૧ ૮૮૯૬૭



જૈમિન દિપકકુમાર વાઘેલા
ફોન : ૨૩૨ ૪૫૩૪૦



ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી અને યુવા સાહિત્યકાર સંજય થોરાતના પ્રથમ પુસ્તક 'હૅલ્લો ફ્રેન્ડ્સ'નું વિમોચન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હા, કૉલમિસ્ટ ભવેન કચ્છી, ગાંધીનગર કલ્ચરલ ફૉરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા, રેડિયો મિર્ચીનાં આરજે મેઘા, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી અને આકાશવાણીનાં આરજે નેહલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પુસ્તક વિમોચનનો કાર્યક્રમ ગાંધીનગરના ઈતિહાસ માટે ટ્રેન્ડ સૅટર બની રહ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત લેખક સંજય થોરાતની વેબસાઈટ પણ લૉન્ચ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સંજય થોરાત દ્વારા 'ગાંધીનગર સમાચાર' માટે લખાતી કૉલમ 'હૅલ્લો ફ્રેન્ડ્સ'ના ચૂંટેલા લેખોનો સંગ્રહ આ પુસ્તકમાં છે અને પુસ્તક ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રકાશિત કરવામાં આવ્યું છે.



સીઍમઍસ વાતાવરણ પર્યાવરણ સંસ્થા, નવી દિલ્હી દ્વારા અમદાવાદ ખાતે પર્યાવરણ જાગૃતિ અંગે એક કાર્યક્રમનું આયોજન ગુરુવારે કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગરના ઍક્ટિવિસ્ટ ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો અને સંસ્થાનાં કાર્યોની ઘોષણા કરી હતી.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૨૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત સર્વ નેતૃત્વ-૧૭ (લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ) તા. ૧૩ થી ૧૭ ઓક્ટોબર, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૦૮ કોલેજોના કુલ ૬૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'સર્વ નેતૃત્વ' કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન, રાષ્ટ્રીયતા અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે સાથે સાથે દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુસર આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર સુરેશ પટેલ દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જુથ સંવાદ, ટેલેન્ટ ઈવનીંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે ઉડાન ફાઉન્ડેશનનાં શ્રીમતી નિષ્ઠાબેન ઠાકર, તેજ આઈ સેન્ટરના સ્થાપક ડો. તેજલ દલાલ, વંદનભાઈ ઠક્કર અને રોડ સેફટીને લઈને સમગ્ર ભારતમાં એક્ષ્પર્ટ તરીકે સેવા આપતા અમિતભાઈ ખત્રી દ્વારા પોતાના જીવન પ્રસંગો વર્ણવ્યા હતા અને વિદ્યાર્થીઓને નાની નાની સમાજસેવી પ્રવૃત્તિ થકી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. પાંચ દિવસીય નિવાસી શિબીરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને હાજીપુર સ્થિત "મંથન" – અપંગ કન્યા સેવા સંકુલની મુલાકાત કરાવી હતી, જ્યાં સંસ્થાના સંચાલક નીરૂબેન રાવલ દ્વારા દિવ્યાંગ, માનસિક વિશિષ્ટ બહેનો માટે ચાલતી વિવિધ પ્રવૃતિની વિસ્તૃત માહિતી આપી હતી અને તેમની સાથે મુલાકાત કરાવી હતી.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન શ્રી. વલ્લભભાઈ પટેલ, ડો. કપિલભાઈ ત્રિવેદી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં પ્રમુખ શ્રી ડો. કનુભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત રહી પ્રેરણાત્મક ઉદબોધન કરતા સંસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને પોતાની શક્તિઓનો ઉપયોગ સમાજ માટે કરે તેવી આશા વ્યક્ત કરી હતી અને સાથે સાથે જુદા જુદા સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ પર કામ કરતા પૂર્વ તાલીમાર્થીઓને સન્માન પત્ર એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ, અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ અને સહાયક તરીકે એલ.ડીઆર.પી ના પ્રા. મૌલિક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

પ્રેમ એ
સૌથી મોટું સત્ય છે.
- મોરારિબાપુ

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા વિદ્યાર્થી વિકાસ કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા પ્રિપ્રાયમરી તથા ધોરણ-૧, ૨ના વિદ્યાર્થીઓ માટે મંગળવારે સૅક્ટર-૧૭ની પોસ્ટ ઑફિસની મુલાકાત ગોઠવવામાં આવી હતી.

આ અનોખી મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પોસ્ટ ઑફિસમાંથી જાણકારી પ્રાપ્ત કરી. તેમજ જાણકારીને અમલમાં મૂકી પોસ્ટકાર્ડ લખ્યા. દિવાળી શુભકામના કાર્ડ પણ લખ્યા તેમજ પોસ્ટકાર્ડ પણ વિદ્યાર્થી બાળકોએ પોસ્ટ કર્યા. પોસ્ટ ઑફિસ મુલાકાત મારફતે 'સુકન્યા સમૃદ્ધિ ઍકાઉન્ટ' અને 'બેટી બચાવો' યોજના વિશે માહિતી પણ વિદ્યાર્થીઓને આ મુલાકાત દરમિયાન પ્રાપ્ત થઈ હતી.

ઉલ્લેખનીય છે કે સ્કૂલના ધોરણ-૩થી ૯ના વિદ્યાર્થીઓ માટે 'હેબિટેટ ફોર હ્યુમિનીટી ઈન્ડિયા' સંસ્થા દ્વારા ગરીબી રેખા નીચે જીવતાં બાળકો તથા પરિવાર માટે જરૂરિયાતો કેવી રીતે પૂરી પાડવી તે અંગે સેમિનાર પણ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. અવનીશ પરમાર દ્વારા આ અંગે ખૂબ જ ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. વિદ્યાર્થી બાળકોને, જરૂરતમંદ ગરીબ પરિવારનો ઘર પણ આપીશકાય તે માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આણવાનો સ્તુત્ય પ્રયાસ આ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યો હતો. એકલા હાથે નહીં પરંતુ થોડુંક આપીનેય ઘણું મોટું કામ કરી શકાય એવી સમજ બાળકોને આ પ્રસંગે આપવામાં આવી હતી.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

# વનશ્રી ટ્રસ્ટ દ્વારા પર્યાવરણના સંરક્ષણ માટે કાર્યક્રમ યોજાયો



વનશ્રી ટ્રસ્ટ દ્વારા લોક તહેવારની સાથે પર્યાવરણની જાળવણી પણ સાંકળીને એક અનોખા ઉપક્રમનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ અને તેના સંરક્ષણ અંગે જાગૃતિ, જાણકારી અર્થે શુભ સોનલ સોસાયટી ખાતે ક્વિઝષ ડ્રોઈંગ, વક્તૃત્વ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી, જેમાં ૩૦થી વધુ બાળકો જોડાયાં હતાં. આ પ્રત્યેક બાળકને પ્રમાણપત્ર અને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ માટે રાકેશભાઈ પટેલ અને યકીનભાઈ જાની દ્વારા સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો. વનશ્રી ટ્રસ્ટના ઉત્કર્ષ ગુપ્તા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ખાતે પ્રથમ વખત સૌરાષ્ટ્રની

# શ્રી ગીરનારા પરજીયા સોની જ્ઞાતિનો ભવ્ય સ્નેહ મિલન સમારંભ યોજાયો



ગાંધીનગર સ્થિત સૌરાષ્ટ્રના શ્રી ગીરનારા પરજીયા સોની જ્ઞાતિના હમવતનીઓ ધ્વારા ગાંધીનગર ખાતે પ્રથમ વખત સ્વરુચિ ભોજન સાથે મિલન સમારંભનું આયોજન તા. ૧૬-૧૦-૨૦૧૬ ના રોજ સેકટર-૭, લગ્નવાડી ખાતે કરવામાં આવેલ. જેમાં ગાંધીનગર સોની સમાજના આ સંમેલનમાં અમદાવાદ, હિંમતનગર, મોડાસા તેમજ સૌરાષ્ટ્રમાંથી સોની સમાજના અગ્રણીઓએ ખાસ ઉપસ્થિત રહયા હતા.

આ સંમેલન યોજવા પાછળ ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં વસતા શ્રી ગીરનારા પરજીયા સોની સમાજને સંગઠિત કરવાનો અને સામાજિક રીતે એકમેકને પરિચિત કેળવીને પારિવારિક ભાવના ઉભી થાય તેવો શુભ આશય રહેલો છે. આ સંમલનનું આયોજન શ્રી મહેન્દ્રભાઈ સોની (ધુંચલા)એ તેઓના સ્વ. પિતાશ્રી તથા માતૃશ્રીના સ્મરાણાર્થે ગાંધીનગરના સોની સમાજના અગ્રણીઓના સથવારે કરવામાં આવેલ અને ભોજન સમારંભના દાતા રહી સમાજના પ્રેરણારુપ ઉદાહરણ પુરું પાડયુ હતું.

આ સંમેલનમાં સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના અગ્રણીઓએ હાજરી આપી સોની સમાજને પ્રોત્સાહિત કર્યા હતા.

# યહ દુનિયા કિતની છોટી હૈ, સબ કા મસલા રોટી હૈ

**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

હાથની મૂઠ્ઠીમાં જકડી રાખેલી ઝીણી રેતી જેમ સરકતી જ જાય છે એ રીતે માણસની નજર સામેથી દિવસ અને રાત અવિરત સરકતા જ જાય છે. અર્થાત સમયને રોકી શકાતો નથી કે બાંધી શકાતો નથી. એટલે વાસ્તવમાં ક્ષણોના ટુકડાઓમાં જીવન શ્વસી રહ્યું છે. આ દષ્ટિએ નાનાં નાનાં કર્મોથી જીવનરાહ આવરી લેવાય છે, જેને સાદી ભાષામાં આપણે કર્મયોગ કહી શકીએ. કર્મ અને સમયની જુગલબંદીથી વ્યક્તિ જીવનને ચાહે તે મુજબનો આકાર અવશ્ય આપી શકે છે. કર્મ કર્યા વિના કોઈ રહી શકતું નથી પરંતુ કર્મ કેવું, ક્યારે, કેટલું કરવું એ માટે ભગવાને પ્રત્યેકને દિમાગ અને દિલ આપેલા છે. તે મુજબ સ્વયંને શ્રદ્ધાથી ભરી શકે છે અથવા દુનિયાનું બધું સાંભળતાં સાંભળતાં ખુદની અંદરના ખુદાને બેધ્યાન કરી જીવન વેડફી પણ શકે છે. નાસ્તિક લોકો કર્મમાં પણ શ્રદ્ધાવાન નથી કે ઈશ્વર તત્ત્વમાં પણ માનતા નથી. પછી કઈ રીતે જીવનને હળવું ફૂલ કે ઉમદા રાખી શકે?

આ યુગનો પ્રભાવ જ એવો છે કે માણસ ગમે તેટલું કમાય કે દોડે પણ શાંતિ-સુખનો અહેસાસ નથી! કમાણી નથી તે પણ વ્યાકુળ અને વ્યથાથી લચોલચ છે અને આખી દુનિયામાં હરકોઈ સ્વયંને દુખી, પીડિત માને છે ! બધો જ આધાર વ્યક્તિની સમજદારી અને તેની વિચારધારા પર છે. દરેક પરિવાર દરેક આંગણું જે કાંઈ ઝંખે છે તે મળતું નથી. ઉપરાંત ત્યાં ઉદાસિનતા, ક્રોધ, વૈમનસ્ય, હતાશા અને ઝઘડાઓનાં જાળાં ઊભાં થાય છે. બધા વ્યવહારોમાં પૈસો જ ચાલકબળ છે, નહીં કે કોઈ શ્રદ્ધા કે ફરજ.

દુનિયાની પ્રાથમિક સમસ્યા છે રોજીરોટી અને અસ્તિત્વ માટેનો સંઘર્ષ. પેટની આગ બધાને સ્વાહા કરવાની તાકાત ધરાવે છે. આજે વિકસીત દેશોમાં પણ બેકારીની સમસ્યા ખૂબ વધી રહી છે ! પરિવારને પૂરતું ખાવા અન્ન અને પીવા માટે શુદ્ધ જળ મળી રહે તો આજના વિશ્વની એ મોટી ઉપલબ્ધિ કહી શકાય તેવી સ્થિતિ પ્રવર્તે. રોટીના ટુકડામાં પ્રભુ દેખાય તો માનવું કે માનવજાત ટકી જશે.

અન્ન જમીનમાંથી મળે છે પણ જમીનને આપણે સાવ નિચોવી લીધી છે. ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ભારત ફરી એકવાર ખરાબ સ્થિતિમાં આવી ગયું છે. ૧૧૮ દેશોની યાદીમાં ભારતનું સ્થાન ૯૭મું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના હાલના અહેવાલ અનુસાર ભારતમાં પ્રતિવર્ષ ૨૫ લાખ બાળકો કુપોષણના કારણે જીવ ગુમાવી દે છે ! ખાદ્યાન્ન અને દૂધ ઉત્પાદનમાં ટોચ ઉપર ઊભેલા ભારતમાં વિશ્વનાં ૨૫ ટકા ભૂખ્યાં લોકો છે. મનરેગા, મધ્યાહ્ન ભોજન યોજના જેવી ઘણી યોજનાઓ પાછળ પુષ્કળ નાણાં વપરાય છે છતાં કડવી હકિકતો બદલાતી નથી ! સરેરાશ વજનની દષ્ટિએ ભારતમાં ૪૨.૫ ટકા બાળકોનું વજન ઓછું છે. ભારતનાં ઘણાં રાજ્યો જેવાં કે બિહાર, યુપી, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં સ્થિતિ વધુ ચિંતાકારક લાગી છે. ભારતમાં બાળકો બચપણ માણી શકતાં નથી કે જીવી જવામાં હારી જાય છે એટલે સબ કા મસલા રોટી હૈ ! આપણી પીડીઍસ (જાહેર વિતરણ વ્યવસ્થા) સિસ્ટમ પણ બહુધા નિષ્ફળ જ રહી છે. તેમાં હેતુઓ તો બર આવતા જ નથી. હંગર ઈન્ડેક્સની સ્થિતિ જોતાં લાગે છે કે ઉમદા હેતુઓ સાથેની ચાલતી યોજનાયઓ ઉપર રિવ્યૂ થવો જોઈએ અને સ્થાપિત હિતોને યોજનાથી દૂર હટાવવા પડે, તો જ હાલત સુધરી શકે. આજે બધા દેશો પાસે વિધ્વંસકારી બધું ખૂબ ઊભું થયું છે. પણ જીવનરક્ષક-પોષક કંઈ રહેવા દીધું નથી. ખાવાની ચીજો, દૂધ, શાકભાજી, ફળ, ઘી, બધાંમાં હાનિકારક મિલાવટ પુષ્કળ પ્રમાણમાં ચાલી રહી છે, જે માનવજાતને પતાવી દેવા સક્ષમ છે!

માણસ જ માણસનો સૌથી મોટો શત્રુ છે, આનાથી વધુ ખરાબ સ્થિતિ કઈ હોઈ શકે! કુદરતનું ઉત્તમ સર્જન વિકૃત થઈ ગયું એટલે ઈશ્વર પણ લાચાર થઈ ગયા છે.

વિશ્વમાં વિનાશકારી વિચારધારા ઝડપથી વિસ્તૃત થઈ રહી છે, ત્યારે ભ ાઈચારો-પ્રામાણિકતા, શિસ્ત, સહૃદયતા વિના સમાજ કદી સુખ પામી શકશે નહીં. આપણે આપણા જ લોકોના હત્યારા થઈ આનંદ કરી શકીશું? જરા વિચારો, દિવાળીના પ્રકાશમય દીવડાઓ આપણી આંતરિક શુદ્ધિ કરવા તેજ આપે તેવી પ્રભુને અભ્યર્થના!

કોઈને જમાડવા જેવો પ્રામાણિક પ્રેમ બીજો એકેય નથી. (બર્નાર્ડ શો)

